# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




કરે અત્યાચાર સહન ને પ્રજા રોતી રહે છે,
હલે ન પેટનું પાણી સરકાર જોતી રહે છે,
ઉલ્લંઘન કાયદાનું, રાખે બાનમાં બંધારણ -
કોર્ટ જગાડે ત્યાં સુધી સરકારો સૂતી હોય છે

હાઇકુ

સત્તાના લોભે
દઇ દીધું કાશ્મીર
ફૂટેલ - હાથ
(અલગાવવાદીઓનું જોર)

ચલાવે દેશ
ઠપકા-આદેશોથી,
ન્યાયની કોર્ટો..
(અન્યાયી આદેશો)

## ચિંતન

**અવિશ્રામં વહેદ્ ભારં શીતોષ્ણં ચ ન વિંદતિ ।**
**સંસંતોષસ્થા નિત્યં ત્રીણિ શિક્ષેત ગર્દભાત્ ॥**

'કોઇ પણ જગ્યાએ કદી પણ થાક ખાધા વિના વિસામો લીધા વિના - જે ભાર ને વહન કરે છે, ટાઢ અને તડકો સહન કરે છે, અને કોઇ પણ જાતની ફરિયાદ કે વિરોધ કર્યા વિના સદાય સંતોષમાં રહેનાર આ ત્રણ ગુણ ગર્દભ-ગધેડા પાસેથી શીખવા જેવા છે.'

ભગવાન ગુરુ દત્તાત્રેયે ચોવીસ ગુરુ માન્યા હતા-પૃથ્વી પરના પશુપંખીઓમાં પણ અનેક પ્રકારના સદ્ગુણ છે એ આપણી સકારાત્મક દૃષ્ટિ વળે નોંધી લઇ અપનાવવા જોઇએ.

અથાક-સતત પરિશ્રમ કરવો. 'થાકી ગયો છું', 'હવે મારાથી નહીં થાય', 'થોડો આરામ કરી લઉં' આવી વાતો પ્રગતિના માર્ગમાં બાધક બને છે. થાક્યા-કંટાળ્યા વિના - સતત પરિશ્રમ કરવો જોઇએ.

ઋતુઓ પ્રમાણે ટાઢ-ટડકો-વરસાદ તો આવે જ છે જેને કામ કરવું નથી એ ત્રણે ઋતુના બહાનાં બતાવી કામમાંથી છટકી શકે છે.

જે મળ્યું એમાં સંતોષ એ સૌથી સારો-મોટો સદ્ગુણ છે. ગર્દભમાં આ ત્રણે ગુણો છે અને તે આવકાર્ય છે.

## સુવિચાર

- શયતાનનો વિજય છે, ખુદા તારી હાર છે... નાસ્તિકો તેથી તને ખુદા માનતા નથી.. નીતિને એ ગરીબોની મારી સલામ છે... એક જ ભાવ એમનો, મોંઘા થતા નથી **- જલન માતરી**
- વિચારોનું અજીર્ણ ભોજનના અજીર્ણ કરતાં વધુ ખરતા છે, કારણ કે ભોજનના અજીર્ણની તો દવા છે, જયારે વિચારોનું અજીર્ણ આત્માને બગાડી દે છે **- સ્વામી રામતીર્થ**
- કોઇ માણસ શુદ્ધ વિચારથી બોલે અને એ જ પ્રમાણે આચરણ કરે તો કદી અલગ નહીં થનારા પડછાયાની જેમ સુખ તેને અનુસરે છે **- બુદ્ધ**
- મુશ્કેલીઓની પહેલેથી જ કલ્પના કરવી એટલે મુશ્કેલીઓને બે વાર ભોગવવા જેવું છે **- માનસસૂત્ર**
- મળેલી વસ્તુઓને પણ જે ત્યાગવા તૈયાર થાય એ જ સાચો સંતોષી માણસ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જે પોતાની જાતને ઉપદેશ આપે છે એની ઉન્નતિ નક્કી છે જ **- જનકલ્યાણ**
- માણસમાં જેટલી ઓછી સમજણ તેટલો જ વધુ ભપકો, દેખાડો કરે છે **- રમેશ ઓઝા**

(સંકલન : દિપક વી. આસરા)

## બોધ કથા

આજકાલ સાધુ-મહાત્મા-કથાકારો-વ્યાખ્યાનો-કથા કરી બીજાને સુધારવા ખૂબ પ્રયત્નશીલ રહે છે જયારે ખૂદના ખાનગી જીવનમાં - ભાષણમાં બોલાતી બધી જ બદીઓ ભરી પડી હોય છે. જીવનનું સાચું ધ્યેય બીજાને સુધારવા કરતાં પોતાની જાતને ઓળખી-પોતાના દોષ દૂર કરવાનું છે. સંસારમાં કોઇ-કોઇને સુધારી શકતું નથી.

જાપાનના ટોકુગાવામાં ઝિયુન નામે ભગવાન બુદ્ધનો એક શિષ્ય હતો તે સંસ્કૃતનો વિદ્વાન હતો અને ઘણા બધા પ્રાચીનગ્રંથોની વાતો-જ્ઞાન તેને મુખપાઠ હતા. આથી તે વ્યાખ્યાન કરી મનોરંજક શૈલીમાં લોકોને પોતાનું જ્ઞાન પીરસતો.

એક દિવશ ઝિયુન પોતાની મા પાસે આવ્યો અને પોતાના જ્ઞાન અને ખ્યાતિના વખાણ સાંભળવાને ઇરાદે માને પોતાના વિશે અભિપ્રાય પૂછ્યો..

મા એ છણકા સાથે કહ્યું, બેટા એક જીવતી ડિક્ષનેરી સિવાય તું કંઇ જ નથી. બીજાને વ્યાખ્યાન આપી માહિતી આપી કદાચ નામ-દામ મળશે પણ. ભગવાન બુદ્ધ કહે છે તેનું આત્મજ્ઞાન કદાપિ નહીં જ થાય... એના કરતાં ધ્યાન-ચિંતન મનન દ્વારા તું તારી જાતનો દીવો બન અને તારી જાતને જ સુધાર.'

યુવકને સાચું માર્ગદર્શન મા પાસેથી મળ્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

# આજ સુધી મોટા ભાગની સિરિયલોમાં પતિ પત્નીના સંબંધો તૂટવાની કથા દર્શાવવામાં આવી છે, પરંતુ અહીં સિરિયલનો આરંભ જ પતિ પત્નીના ૧૫ વર્ષ પહેલા તૂટેલા સંબંધોથી થાય છે

## ઇતના કરો ના મુજે પ્યાર પતિ-પત્નીના નવા સંબંધોની અદ્ભૂત સિરિયલ

- ડો. કનૈયાલાલ ભટ્ટ

આજકાલ આપણે સૌ એવું માનતા હોઈએ છીએ કે ટી.વી પર સારી સિરિયલો નથી આવતી. જે આવે છે તેમાં મોટે ભાગે સંબંધ વિચ્છેદ કે બાહ્ય સંબંધો કે સંબંધ તોડાવવા માટે જ થતી ચાલાકીઓની વાર્તાઓ જ આવે છે. પરંતુ એવું નથી. ચારેક મહિના પહેલા જ સોની ટીવી પર રાત્રે ૧૦.૩૦ કલાકે ઇતના કરો ના મુજે પ્યાર નામની એક ટી.વી. સિરિયલ શરું થઈ છે. આજ સુધી મોટાભાગની સિરિયલોમાં પતિ પત્નીના સંબંધો તૂટવાની કથા દર્શાવવામાં આવી છે. પરંતુ અહી સિરિયલનો આરંભ જ પતિ પત્નીના ૧૫ વર્ષ પહેલા તૂટેલા સંબંધોથી થાય છે. આ સિરિયલનો પ્રોમો પણ એક ખુબસૂરત વાક્યથી દર્શાવાય છે તલ્લાક પતિ પત્ની કા હોતા હૈ માબાપ કા નહી ટી.વીની દુનિયાના આજ સુધીના સૌથી શ્રેષ્ઠ વાક્ય સાથે આરંભાતી આ સિરિયલ ખુબ જ મોટો સંદેશ લઈને શરું થયો છે. મારા વિચાર પ્રમાણે દુનિયાના જેટલા પતિ પત્ની છે જેમના ડિવૉર્સ થયા છે કે થવાના છે અને બાળકો કોઈ કારણસર માતા કે પિતાને ખુબ જ નફરત કરે છે, કોઈને લાગે છે કે 'મમ્મી' સાચી છે કે કોઈ માને છે કે 'પપ્પા' સાચા છે. કોઈ પુત્ર કે પુત્રી મમ્મીને નફરત કરે છે કે કોઈ પપ્પાને ... એવા સૌ કોઈએ આ સિરિયલ જોવી જોઈએ. આપણા સમાજમાં ઘણા એવા માબાપ છે કે પોતાની પુત્રીના ડિવોર્સ થયા હોય કે થવાના હોત પણ પોતે કશું જ કરી શકતા નથી. દામ્પત્ય જીવનમાં પતિ સાચો કે પત્ની સાચી? કે સંતાનો સાચા? સંબંધો તૂટવાના કારણો ક્યા છે? પતિની વાત સાંભળીએ છીએ તો પતિ સાચો છે અને પત્નીની વાત સાંભળતા લાગે કે પત્ની સાચી છે. જો બન્ને સાચા છે તો સંબંધો તૂટ્યા કેમ? પરંતુ ઘણી વખત પતિ પત્ની, પ્રેમ ભૂલીને, પોતાનો પરિવાર ભૂલીને, પોતાના વ્યક્તિગત ઈગો અહમને વધુ મહત્વ આપે છે અને સંબંધો તૂટે છે. સંબંધ બનાવવો સહેલો છે પરંતુ ટકાવવો ખુબ જ અઘરો છે.




આ સિરિયલમાં આ બધી જ બાબતો ખુબ જ ઝીણવટપૂર્વક વણી લેવામાં આવી છે. અહી 'રાગિણી એક એવી પત્ની છે કે જેના ૧૫ વર્ષ પહેલા પોતાના પતિ 'નચિકેત થી ડિવોર્સ થયા છે. એક પુત્રી અને એક પુત્રને તે એકલી પોતાની નોકરીની તાકતથી ઉછેરીને મોટા કરે છે, શિક્ષિત કરે છે. સંસ્કારિત કરે છે. પરંતુ ઘરમાં તેના આદર્શો (હુકમ) જ ચાલે છે. કેમ કે તે નથી ચાહતી કે તેના જેવી જિંદગી તેની દીકરી નિશીને પણ મળે. બીજી તરફ નચિકેત પણ...જે અત્યારે અમેરિકામાં ખુબ જ પ્રસિદ્ધ હાર્ટનો સર્જન ડૉ. નીલ બની ગયો છે. અહી મુંબઈમાં રાગિણી પણ એક હોસ્પિટલમાં એડમિનીસ્ટ્રેશનની હેડની નોકરી કરે છે. તેની દીકરી એક છોકરાને પ્રેમ કરે છે અને લગ્ન કરવા ઈચ્છે છે. પરંતુ 'રાગિણી નથી ઈચ્છતી કે લગ્ન આટલા વહેલા થાય. ...અને આમ મા-દીકરી વચ્ચેનો સંઘર્ષ, પેલી બાજુ ડૉ. નીલની વ્યસ્તતા અને તેના પણ માથી છૂટ્ટા પડેલા પડેલા બે સંતાનોની પીડા. આ બાજુ રાગિણીની દીકરી નિશીના લગ્નની હા, ડૉ. નીલનું રાગિણીની જ હોસ્પિટલમાં એક બાળકીના હાર્ટના ઓપરેશન માટે ભારત આવવું. અને દૃશ્યબદ્ધ થઈ જાય છે ૧૫ વર્ષ પહેલાનો આખેઆખો અતીત. ક્યાંક પતિ પત્ની વચ્ચેની નફરત, ગુસ્સો, મા-દીકરી-દીકરો-બાપ વચ્ચેનો સંઘર્ષ. પીડા, તડપ અને એકદમ હદયને હચમચાવી મૂકે એવી સંવેદના સૂક્ષ્મ રીતે પ્રગટ થાય છે. લગ્ન અગાઉ થતી સગાઈની વિધિ અને એમાં ધર્મ અને પરંપરા પ્રમાણે ભી થતી પિતાની જરૂરિયાતને કારણે નચિકેતનું ફરીથી ૧૫ વર્ષે રાગિણીના ઘરમાં ને જીવનમાં આવવું, રાગિણીની તેના પ્રત્યેની નફરત, અને આ નફરતને કારણે નચિકેતને બતાવી દેવા પોતાના જ હોસ્પિટલના માલિક ડોકટર અમન સાથે બીજા લગ્ન કરી લીધાનું રાગિણીનું નાટક એને જ કેવી કેવી પ્રેમ, ક્ષોભ અને નફરત ઉભી થાય એવી પરિસ્થિતિમાંથી પસાર કરે છે. આ બાજું નચિકેતનો પતિ અને પુરુષ સહજ સ્વભાવ, સામાજિક કુનેહ અને રાગિણીને છોડ્યાને ૧૫ વર્ષ થયા હોવા છતાય એના પ્રત્યેની અંદરની તડપ. તેના બે સંતાનોની પીડા, સાહજિક રીતે બનતા પ્રસંગો અને પ્રસંગોમાંથી વણાતા સંબંધો અને સંબંધોમાં વણાતી સંવેદનાનું સ્તર ખુબ જ માર્મિક રીતે વ્યક્ત થાય છે. અહી બધા જ સંબંધોની રજુઆત આંતરિક રીતે થાય છે. સૂક્ષ્મ રીતે થાય છે ક્યાંય બાહ્ય સંબંધોનું ખોટું પ્રાગટ્ય નથી. કે ક્યાંય આડા સંબંધોની આડી વાત નથી. પ્રત્યેક સંબંધ સમજવા માટેનો એક નવો દૃષ્ટિકોણ છે. દરેક સંબંધની એક મર્યાદા છે પવિત્રતા છે.

આ સિરિયલની ખુબી એ છે કે અહી દરેક પાત્ર પોતપોતાની રીતે સાચું છે. આપણા જીવનમાં પણ એવું જ હોય છે ને કે આપણી દૃષ્ટિથી આપણે હંમેશાં સાચા જ હોઈએ છીએ છતાંય પરિણામ વિપરિત આવતું હોય છે. કેમ કે આપણે સામેની વ્યક્તિને પણ આપણા જ દૃષ્ટિકોણથી જ મૂલવવીએ છીએ. આપણે એ ભૂલી જઈએ છીએ કે બીજા પાસેથી સાંભળેલું કે ઘણી વખત તો સગી આંખે જોયેલું પણ સાચું નથી હોતું. અહી રાગિણી અને નચિકેતના જીવનમાં ઘણા એવા પ્રસંગો બને છે કે જે જોવાથી એકબીજાને એકબીજા પ્રત્યે નફરત વધે પરંતું જે તે પરિસ્થિતિમાં બન્ને સાચા અને એટલા જ પવિત્ર હોય છે. સવાલ માત્ર વ્યક્તિગત સમજ અને ગેરસમજને ઓળખવાનો હોય છે. અહી બધા જ પાત્રો પોતપોતાની રીતે સાચા છે.પણ બધાની વચ્ચે વિકસતી પરિસ્થિતિ (નિયત્તિ) જ સૌને પીડા આપે છે. અહી પરિસ્થિતિ જ મુખ્ય પાત્ર રૂપે વિકસે છે. અહી પરિસ્થિતિ સામેનો સંઘર્ષ છે.પડકાર છે. પરિસ્થિતિ દરેક પાત્રને એક નવો સંઘર્ષ એક નવી પીડા આપે છે. ગેર સમજોના અનેક સ્તર ભા થાય છે. આપણા જીવનમાં પણ મોટેભાગે ગેરસમજોને કારણે જ અથવા અણસમજને કારણે જ વર્ષો જુના સંબંધોને આપણે હાનિ પહોંચડાતા હોઈએ છીએ. આપણી આસપાસ રચાતી પરિસ્થિતિ (નિયત્તિ) ને આપણે ઓળખી શકતા નથી અને સંબંધોનો વિચ્છેદ કરી નાખીએ છીએ. પછી એ નથી વિચારતા કે આપણી ગેરસમજોને કારણે આપણા બાળકોને કેટલું સહન કરવું પડે છે. અહી રાગિણી, નચિકેત, નિવેદિતા, નિશી, આરવ, રણબીર, આગમ, ડૉકટર અમન, નચિકેતની બહેન પેમ... બધા જ પોતપોતાની રીતે સાચા છે. પણ બધાની વચ્ચે વિકસતી પરિસ્થિતિને કારણે જ સંઘર્ષ જન્મે છે. અહીં પોતાના જ પાત્ર સામે જીતવાની જીદ છે અને જીત્યા પછી થતો હારનો અહેસાસ પણ છે.

વળી ૧૫ વર્ષ પહેલા જે ગેર સમજને કારણે માબાપ જુદા પડ્યા છે. એ ગેરસમજ તેમના સંતાન દૂર કરવા જે પ્રયત્નો કરે છે. ખાસ કરીને સુહાની જેને રાગિણી પોતાના પતિથી બીજી સ્ત્રી દ્વારા થયેલું સંતાન માને છે એ જ સુહાની જયારે પોતાની અને પોતાને કારણે થયેલા ડિવોર્સની વાત જાણે છે ત્યારે જે પ્રયત્નો કરે છે તે ભાગ્યે જ કોઈ સગી દીકરી પણ કરી શકે! અને એમાં સફળ પણ થાય છે. રાગિણી અને નચિકેત ભેગા પણ થાય છે પરંતુ કહે છે ને જયારે નિયત્તિએ જ કંઈક જૂદુ વિચાર્યું હોય ત્યારે ... માણસ બિચારો... જો કે અહી આપણે નિયત્તિ કરતા સ્વભાવને વધુ દોષી સમજીએ છીએ. કોઈપણ સંબંધ નિયત્તિને કારણે નહી પણ સ્વભાવને કારણે, ગેરસમજોને કારણે, વ્યક્તિગત અહંમને કારણે, અણસમજને કારણે જ તૂટતા હોય છે. એ સત્ય આપણને આ સિરીયલ શીખવી જાય છે. જુદા પડેલા મા-બાપને ભેગા કરવા માટે બાળકોની કેટલી મોટી ભૂમિકા હોય છે. એની પણ સમજ અહીં મળે છે. માતા-પિતાના વ્યક્તિગત અહંમને પ્રેમ-લાગણી અને સંવેદનાથી ઓગાળીને એમને ફરીથી પ્રેમના સ્પંદનો જન્માવે છે. આજના સંતાનો માટે એક ખુબ જ મોટી પ્રેરણા આ સિરીયલ બની રહે છે.

આ સિરીયલના સો હપ્તા પૂરા થઈ ગયા છે અને હમણાથી એની બીજી ઈનિંગનો આરંભ થયો છે. હવે સંતાનોના જીવનમાં આવતા પ્રશ્નોમાં જૂદા પડેલા બન્ને પતિ પત્નિ વ્યસ્ત રહે છે. પરંતુ જે ભૂલ પોતે કરી છે એ જ ભૂલ જયારે સંતાનો કરે છે ત્યારે માબાપ કશું જ કહી કે કરી શકતા નથી. સાવ નિસઃહાય બની જાય છે. પત્નિ રાગિણીની નફરત અને નચિકેતનું પૌરુષ્યભર્યું વ્યક્તિત્વ દરેક પતિ પત્નિને ઘણું કહી જાય છે.

અહીં બીજું જમા પાસુ એ છે કે અહી કોઈ પાત્ર સીધો ઉપદેશ આપતું નથી સિરિયલને જે કહેવું છે તે આપઓઆપ પ્રસંગોમાંથી, ઘટનાઓમાંથી આપણા માનસમાં ઉતરી આવે છે. આ સિરિયલની મુખ્ય નાયિકા રાગિણીનો અભિનય એકદમ જીવંત છે. નચિકેતના પાત્રમાં રોનિત રોય તો માંજેલા કલાકાર છે જ, અન્ય પાત્રો પણ રીયલ લાગે છે નિશીનું પાત્ર એકદમ ફ્રેશ છે. એનું હાસ્ય અને આંખોના ભાવ, એક છૂટ્ટા પડી ગયેલા બાપ વિનાની મધ્યમ પરિવારની દીકરીની સુગંધ આખી સિરિયલને સુગંધિત કરે છે. પરંતુ એ જ નિશી લગ્ન પછી એના પિતા નચિકેતના સ્વભાવનું પોતાના વિચારો દ્વારા દર્શન કરાવે છે ત્યારે રાગિણી ધ્રૂજી ઠે છે. અહી સંસ્કાર, શિક્ષણ, સમજણ અને સંવેદનાની અભિવ્યક્તિ ખુબ જ સૂક્ષ્મ રીતે થાય છે. નચિકેતની બહેન પેમનું પેમનું પાત્ર થોડું ઓવર જાય છે. પણ પતિ પત્નીના તૂટેલા સંબંધોને જોડવાની વાત લઈને અને

'ડિવૉર્સ પતિપત્ની કા હોતા હૈ મા બાપકા નહી' જેવી ખુબ જ ઉમદા વાત લઈને આવતી આ સિરિયલના સૌ કલાકારો, લેખકો, દિગ્દર્શક સૌને ખુબ ખુબ અભિનંદન.

# જાણીતા સાહિત્યકાર ધીરુ પરીખ અને માધવ રામાનુજના માર્ગદર્શન હેઠળ ૨૮ જૂન ૨૦૧૫ના રોજ કાવ્ય સ્પર્ધા યોજાશે

● સાહિત્ય સમાચાર

● 'શબ્દસર'નો 'નવી સદી : નવી કલમો' વિશેષાંક પ્રગટ થયો.

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ, સમર્પણ આર્ટ્સ કોલેજના મુખપત્ર અને સાહિત્યિક સામાયિક 'શબ્દસર' ના દૃષ્ટિવંત તંત્રી કિશોરસિંહ સોલંકી દ્વારા સાહિત્ય જગતમાં એક નોખી છાપ પાડતાં માસિકનો અનોખો વિશેષાંક પ્રગટ થયો છે. જેના સંપાદક સંજય રાવલ, ઋચા બ્રહ્મભટ્ટ અને નિસર્ગ આહિરે ખુબ જ જહેમત ઉઠાવીને 'નવી સદી : નવી કલમો' ની વાત કરવામાં આવી છે. જેમાં સાહિત્યનાં જુદાં જુદાં સ્વરુપો જેમ કે કાવ્યો, અછાંદસ, નવી વાર્તા, સાંપ્રત ગુજરાતી નિબંધ, નવી સદીના નવા ચરિત્રકારો, નવી સદીની તાજી કલમો, વિધાકર રચિત સુભાષિત રત્નકોશ અને નારી ઉર્જાને નવ્ય રીતે આકારીત કરનાર કલાકાર ભારતી પ્રજાપતિ જેવા અલગ અને વિશિષ્ટ પ્રકારના લેખોથી આ સંગ્રહ સમૃદ્ધ બન્યો છે. માહે મે ૨૦૧૫ના આ વિશેષાંક માટે 'શબ્દસર'ના તંત્રી અને સંપાદકો ધન્યવાદને પાત્ર છે.

● 'પારિજાત' નામે પખવાડીક ગાંધીનગરમાંથી નીકળે છે.

'પારિજાત'ના પમરાટથી ગુજરાતી પ્રજાની સામાજિક, સાંસ્કૃતિક અસ્મિતાને વર્ધિત - સંવર્ધિત કરવાની નેમ સાથે પુરેપુરું પારિવારિક પાક્ષિક કહી શકાય તેવું 'પમરાટ' આનંદ જોશીના તંત્રી સ્થાને પ્રગટ થઇ રહ્યું છે. જેના દરેક અંકેન એના રુપરંગને વધુ મોહક અને ખુશ્બુદાર બનાવવાની કોશિશ કરવામાં આવી રહી છે. તેમાં નિયમિત પણે જય વસાવડા, અજય ઉમટ, ગુણવંત શાહ, તારક મહેતા અને ડો. એચ. એલ. ત્રિવેદી કે ડો. તેજસ પટેલ જેવા જાણીતા અને નામાંકિત કલમકારોના લેખો પ્રગટ થઇ રહ્યા છે.

● માતૃભાષા અભિયાન દ્વારા દર મહિને શનિસભા

માતૃભાષા અભિયાન દ્વારા શિષ્ટ બાળ સાહિત્યનુ સર્જન થાય છે તે માટે દર મહિનાના અંતે ચોથા શનિવારે ગુજરાતના બાળ સાહિત્કારોના અપ્રકાશિત સાહિત્યની ગોષ્ઠિ અને સર્જનાત્મક પ્રવૃત્તિ કરે છે.

● સ્મિતા પારેખ સાહિત્ય સ્પર્ધા - ૨૦૧૫ યોજાઇ છે.

અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ટ્રસ્ટના વાચનમંચના ઉપક્રમે વાર્તાલેખન, કાવ્યલેખન અને બાળવાર્તા લેખન એમ ત્રણ પ્રકારની સ્પર્ધાઓ યોજવામાં આવી છે. જેની શ્રેષ્ઠ કૃતિને રૂપિયા પાંચ હજાર રોકડનું પારિતોષિક આપવામાં આવશે. ત્રણે વિભાગની કૃતિઓ ૩૧ જુલાઇ સુધીમાં અખિલ હિન્દ મહિલા પરિષદ, બૃહદ સુરત શાખા, શાલીભદ્ર કોમ્પલેક્ષ, કાદરશાની પોળ, ટિમલિયા વાડ સુરતને મોકલવા જણાવાયું છે.

● ગુજરાતી સાહિત્ય પરિષદ એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ કાવ્યલેખન સ્પર્ધા યોજાશે.

જાણીતા સાહિત્યકાર ધીરુ પરીખ અને માધવ રામાનુજના માર્ગદર્શન હેઠળ ૨૮ જૂન ૨૦૧૫ના રોજ કાવ્ય સ્પર્ધા યોજાનાર છે. તેમાં ભાગ લેવા માટે ૧૫ જૂન સુધીમાં રૂા. ૧૫૦ ફી સાથે પત્રકમાં વિગતો ભરી ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે મોકલવાની છે.

● ગદ્યસભા ભાવનગર દ્વારા લલિત નિબંધ સ્પર્ધા

ભાવનગરની જાણીતી સાહિત્ય સંસ્થા ગદ્યસભા દ્વારા ગુજરાતભરના લખકો માટે 'લલિત નિબંધ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. લલિત નિબંધ મોકલવાની છેલ્લી તારીખ ૩૦/૫/૨૦૧૫ રાખવામાં આવેલી છે.

● કેતન મુનશી વાર્તાસ્પર્ધા-૭, વર્ષ-૨૦૧૫-૧૬

ગુજરાતી ભાષામાં મૌખિક ટૂંકી વાર્તાઓનું સર્જન થતું રહે અને સાહિત્યની ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે એ હેતુથી નર્મદ સાહિત્ય સભા સુરત દ્વારા દર વર્ષે કેતન મુનશી વાર્તા સ્પર્ધા યોજાય છે. જેમાં ૨૫૦૦ થી ૩૦૦૦ શબ્દોમાં લખાયેલ અપ્રગટ વાર્તાઓ તા. ૩૦/૦૯/૨૦૧૫ સુધીમાં મોકલવા જણાવાયું છે. સ્પર્ધામાં વિજેતા કૃતિને રૂા. ૨૫૦૦૦ નું પારિતોષિક અપાય છે. તે માટે વાર્તાઓ મોકલવાનું સરનામું - નર્મદ સાહિત્યસભા, C/o સાહિત્ય સંગમ, બાવા સીદી, ગોપીપુરા, પંચોળીવાડી સામે સુરત છે.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઈ પરમાર

કાવ્ય સેતુ

સૂકું એક વૃક્ષ
આંગણમાં ઊભું
સૂકું એક વૃક્ષ
હાડપિંજર જેવાં
ડાળાં-ડાખરાં એનાં.
પર્ણહીન.
પરિંડા, સૂડા
આવીને બેસે જયારે એની ડાળે,
ત્યારે લાગે
જાણે ફૂટ્યાં એને કૂમળાં લાલા પાંદ !
પીળક, શોબિગી
આવીને બેસે જયારે એની ડાળે,
ત્યારે લાગે
જાણે ખીલ્યાં એને તાજાં પીળાં ફૂલ !
કોયલ, પપિહા,
આવીને બેસે જયારે એની ડાળે,
ત્યારે લાગે,
જાણે મ્હોર્યાં એને મઘમઘ મ્હોર !
આંગણમાં ઊભું
સૂકું એક વૃક્ષ

- પ્રવીણ ગઢવી

# કહેવાય છે કે 'મોરના ઇંડાને ચિતરવા ન પડે!' પરંતુ મોરના ઇંડા જો તમે ચાઇનામાંથી ખરીદ્યા હોય તો તેના પર ચોક્કસપણે 'કલરકામ' કરવું જ પડે!

## સેલ્સમેન વેંચવાનો છે ! હળવાશની ક્ષણોમાં!

- ચિત્રસેન શાહ

'સેલ્સમેન વેંચવાનો છે !' એવી એક જાહેરાત વાંચી આશ્ચર્યના આંચકાની સાથે વેટ વગરનું મનોરંજન પણ મળ્યું!

સામાન્ય રીતે કોઇ પણ એજન્સી પોતાના માલના વેચાણ માટે સેલ્સમેન રાખે પરંતુ અહીં તો આખાને આખા સેલ્સમેન વેંચવાની વાત હતી! આનો અર્થ એ થયો કે શું કોઇ વ્યક્તિ સેલ્સમેન તરીકે નિષ્ફળ ગઇ હશે એટલે એના બોસે તેને વેંચવા કાઢ્યો હશે?!

આ જાહેરાત વાંચી ઘણા લોકોની આંખમાં ઝળઝળિયાં આવી ગયા! તેમને થયું અહીં શું ગુલામીની પ્રથા શરુ થઇ છે ?! કે માણસોને વેંચવા પડે ?! પરંતુ વાત જાણે એમ છે કે હમણાં મોટા મોટા મોલની આખાને આકા પાના ભરાઇને સેલની જાહેરાતો આવે છે. પરંતુ ઘણીવાર લોકો જાહેરાત વાંચતા નથી તેથી એક માર્કેટીંગ મેનેજરે પોતાનું ભેજું દોડાવ્યું!

તેણે પોતાની કંપનીની એડવર્ટાઇઝને 'મેગી' ટાઇપની ટેસ્ટી બનાવવા હેડીંગ આપ્યું. - 'સેલ્સમેન વેંચવાનો છે!'

હકીકતમાં તેની એક પ્રોજક્ટ 'કોલ્ડ ક્રીમ'નું બ્રાન્ડ નેમ 'સેલ્સમેન' હતું! (ઘણાં સમય પહેલા 'પોસ્ટમેન' નામનું સીંગતેલ માર્કેટમાં મળતું હતું તે જ રીતે!) આ જાહેરાતને પ્રતાપે તેનું 'કોલ્ડ ક્રીમ' 'હોટ કેક'ની માફક વેંચાવા લાગ્યું! આજકાલ ટીવી ચેનલો 'સફળ સેલ્સમેન' તરીકે અકલ્પ્ય સફળતા હાંસલ કરી રહી છે.!

લાખો લોકો ટીવી પ્રોગ્રામ જોતા હોય છે. હવે જો તેમાંના દશ ટકા લોકો પણ જાહેરાત જોઇને તે વસ્તુ ખરીદે તો કેટલું બધું વેચાણ અને નફો થાય! એક નાનો દાખલો લઇએં તો એક રૂપિયાની પડતર કિંમતવાળી 'જેલ બોલપેન' છૂટક પાંચ રૂપિયામાં વેંચાય છે. ૪૦૦ ટકા 'નેટ પ્રોફિટ!' થયાને!

સફળ સેલ્સમેનની કારકિર્દી માટેના એક ટ્રેનિંગ પ્રોગ્રામમાં જણાવામાં આવ્યું કે સફળ સેલ્સમેન કોને કહેવાય અને કેમ થવાય!

આ રહી થોડી ટીપ્સ!

● જે સેલ્સમેન ઉત્તર ધ્રુવ પર જઇને 'ફ્રીઝ' વેંચી આવે અને ૪૬ ડિગ્રી તાપમાનવાળા મે-જૂન મહીનામાં 'રેમન્ડ'નું વુલન સ્વેટર વેંચી આવી શકે તે!(જો કે એક જગ્યાએ સેલ્સમેન આવો પ્રયોગ કર્યો હતો અને તેને માર ખાવાનો વારો આવ્યો હતો!)

● જે વ્યક્તિ આખી દુનિયાને 'યોગ' કરાવતી થઇ જાય અને તે રીતે 'યોગ'નું યુનિવર્સલ માર્કેટીંગ કરી શકે તે!

● જે લોકો 'ઉતાવળે આંબા ન પાકે!' કહેવતને જૂઠ્ઠી પાડી કાર્બાઇડની ઉતાવળે આંબા પકાવે છે તેવા લોકો!

● આજકાલ જાહેરાતોનો જાણે એવો ટ્રેન્ડ થઇ ગયો છે કે જૂની કહેવતોને ખોટી જ પાડવી!

દાખલા તરીકે કહેવત છે કે 'સોના કરતાં ઘડામણ મોંઘું!' પરંતુ હમણાં જ એક જાહેરાત વાંચી જેમાં લખ્યું હતું -

'અમે એ કહેવતમાં માનતા નથી!'

અમારે ત્યાં સોનાના ઘરેણા બનાવડાવો - ઘડામણ મફત!'

પણ તેની નીચે બહુ જ ઝીણા અક્ષરોમાં લખ્યું હતું. તેની સાથે રોડિયમ મિશ્રિત પ્લેટીનમ જવેલરી લેશો તો!'

(પ્લેટીન એ સોના કરતાં કિંમતી ધાતુ છે અને પ્લેટીનમ જવેલરીને હાર્ડ કરવામાં 'રોડિયમ' ધાતુનો ઉપયોગ કરવામાં આવે છે. જે પ્લેટીનમ કરતાં પણ મોંઘી ધાતુ છે! - એટલે 'ઘડામણ મફત' વાળી સ્કીમમાં ખરીદનાર માટે સરવાળે તો બાદબાકી જ થઇને!)

● એક સફળ સેલ્સમેન પિતાએ પોતાની ડાયવોર્સી પુત્રી માટે નીચે પ્રમાણેની જાહેરાત આપી!

'નિર્દોષ ડાયવોર્સી કન્યા માટે ફ્રેશ કે ડાયવોર્સી મુરતીયો જોઇએ છે! ભલે તમે કદાચ દૂધથી દાઝેલા હો પરંતુ અમારી 'છાસ' જેવી ઠંડક આપતી કન્યા માટે ફૂંકી ફૂંકીને વિચારવાની જરુર નથી!'

અને આ જાહેરવાત વાંચી 'અમૂલ' માં કામ કરતો એક દૂધવાળો મુરતીયો કે જે 'સાહિત્યિક સેન્સ' ધરાવતો હતો તે આ 'છાસ' જેવી કન્યાને પરણવા તૈયાર થઇ ગયો!

● કહેવાય છે કે 'મોરના ઇંડાને ચિતરવા ન પડે!' પરંતુ મોરના ઇંડા જો તમે ચાઇનામાંથી ખરીદ્યા હોય તો તેના પર ચોક્કસપણે 'કલરકામ' કરવું જ પડે!

(અહીં પણ કહેવત ખોટી પડી!)

કારણ કે નહીં ઘેર જતાં જતાં તો ઇંડામાંથી 'સફેદ મોર' બહાર આવી જાય!

● માર્કેટીંગ મેનેજરો ભલે કહો કે મોંઘવારી અને ભ્રષ્ટાચાર ઓછા થઇ ગયાછે! પણ લોકોનો અનુભવ કાંઇક જુદું જ કહે છે! ટૂંકમાં ૪૬ ડિગ્રી સેલ્સિયસ જેવા તાપમાનમાં આ બે શબ્દોને હાથ અડવા જેવું નથી! અડશો તો વધારે દાજશો!

અને છેલ્લે -

તાજેતરમાં જ અરૂણા શાનબાગ નામની નર્સ કે જે છેલ્લા ૪૨ વર્ષથી મુંબઇની કે.ઇ.એમ. હોસ્પિટલમાં કોમામાં હતી તેનું અવસાન થયું છે.

આ સમાચાર પરથી ૧૯૮૪-૮૫ માં વાંચેલી હરકિસન મેહતા લિખિત યાદગાર નોવેલ 'જડ ચેતન' યાદ આવી ગઇ!'જડ ચેતન' ની નાયિકા 'તુલસી' (સ્મૃતિ ઇરાની નહીં!) એ જે નર્સ અરૂણા શાનબાગ!

એ નોવેલ (ચિત્રલેખામાં એ હપ્તાવાર પબ્લીશ થઇ હતી) વાંચકોમાં એટલી લોકપ્રિય થઇ હતી કે નોવેલના છેલ્લા પ્રકરમની સાથે લેખકે આ પ્રમાણેની નોંધ મૂકી હતી.

પ્રકરણના અંતે સમાપ્ત લખતી વેળાએ સહેજ ધ્રુજારી અનુભવી. મારા પોતા માટે જ આ નવલકથા એક કસોટીરુપ બની રહી હતી.'જડ-ચેતન' શરુ કરી ત્યારથી સમાપ્ત થયા સુધી 'સિરીઆાસિસ' નામની વ્યાધિથી ઘેરાયેલો રહ્યો તેને કારણે ત્રણ પ્રકરણોનો સળંગ ખાડો પાડ્યો અને વચ્ચે કોઇ કોઇ પ્રકરણમાં દારી પક્કડ લાવી શકાઇ નહીં.

દીપોત્સવી અંકના ૪૪માં પ્રકરણ પછી વાચકોના સતત પત્રો આવતા રહ્યા કે જો, જો ચિંતન-તુલસીને વિખૂટાં પાડશો નહીં. આશરે ૨૫૦ જેટલા આ પત્રોમાં 'અમારી લાગણીને ઠેસ પહોંચાડશો નહીં' જેવી વિનંતીથી લઇને... 'તો ક્યારેક ભવિષ્યમાં તમારી નવલકથા વાંચીશું નહીં' અને એક વાચકના લખવા પ્રમાણે '... તો તમારી હત્યા પણ મશીનગનથી કરી નાખીશું.' સુધીના પત્રો મળ્યા છે.

નવલકથા પુરી થયા પછી પણ એ સમાપ્ત થઇ નથી એવું કેટલાંક વાંચકોને લાગશે. અમુક રહસ્ય અકબંધ રહેવા દીધાં એથી કેટલાક નારાજ થશે. તુલસી-ચિંતનની કંકોત્રી લખી નહીં એ પણ ઘણાંને નહીં ગમે... મારી દૃષ્ટિએ નવલકથાને અમુક જગ્યાએ અટકાવી દેવી એ જ એનો અંત છે. 'જડ-ચેતન'ના અંતમાં વિવાષની છાંટે હોવા છતાં પણ વાચકો માટે એ સંતોષજનક અંત બની રહે એવી આશા અને તેમના પ્રતિભાવ જાણવાની ઉત્કંથા સાથે -

- હરકિસન મહેતા

જેમણે પણ આ નોવેલ વાંચી હશે તેમણે લાગ્યા વગર નહીં રહ્યું હોય કે સાહિત્યક્ષેત્રેના 'નવલકથા' સેગમેન્ટમાં હરકિસન મહેતા એક ખૂબ સફળ સેલ્સમેન હતા!